# માલપુર ગામના યુવાનનું હિટ સ્ટ્રોકથી મોત

## યુવાનનું નિપજતા હાહાકાર : અરવલ્લી જીલ્લામાં ચાલુ વર્ષે ઉનાળામાં લૂ લાગવાથી ૨ ના મોત નિપજ્યા



માલપુર, તા. ૨૮

અરવલ્લી જીલ્લામાં રવિવારે ગરમીએ ૧૦ વર્ષનો રેકોર્ડ તોડી ૧૦ વર્ષનું ઉંચુ તાપમાન ૪૬.૫ ડિગ્રી નોંધાયું હતું. આકાશમાંથી રીતસરના અગનગોળા વરસતા હોય તેવો પ્રજાજનોએ અહેસાસ અનુભવ્યો હતો. જીલ્લામાં પડેલ રેકોર્ડતોડ ગરમીએ માલપુરના એક વ્યક્તિનો ભોગ લેતા હિટસ્ટ્રોકથી મોત નિપજતા જીલ્લાના પ્રજાજનો રીતસરના ફફડી ઉઠ્યા હતા. સોમવારે પણ જરૂર સિવાય ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. જીલ્લાના પ્રજાજનો લૂ લાગવાની અને સખત માથું દુખવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો હતો.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર રવિવારે બપોર ૨ વાગ્યા સુધી તાપમાનનો પારો ૪૫ ડિગ્રી નોંધાયા બાદ અચાનક ૩ વાગ્યાના સુમારે તાપમાનનો પારો ૪૬.૫ ડિગ્રીએ પહોંચતા લોકો રીતસરના શેકાયા હતા. રેકોર્ડબ્રેક ગરમીએ માલપુરના મહિન્દ્રભાઈ ભાટિયા નામના યુવકનો ભોગ લીધો હતો. અસહ્ય ગરમીના પગલે લૂ લાગવાથી બેભાન બનેલ યુવકને પરિવારજનોએ તાબડતોડ મોડાસા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા ખાનગી હોસ્પિટલના તબીબે મૃત જાહેર કરતા અને યુવકનું મોત હિટસ્ટ્રોકથી થયું હોવાનું અનુમાન લગાવ્યું હતું અને ડિહાઈડ્રેશનના કારણે યુવાન મોત નિપજતા પરિવારજનો અને સગા-સંબંધીઓમાં શોકની લાગણી છવાઈ હતી.

અરવલ્લી જીલ્લામાં ચાલુ સાલે ઉનાળાની સીઝનમાં હિટસ્ટ્રોકના લીધે ૨ વ્યક્તિઓના મોત નિપજતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો અને ગરમીમાં લોકો સાવચેતી દાખવી રહ્યા છે.

# ઊંઝા પાસે ચાકુની અણીએ દસ હજારની લૂંટ ચલાવી ચાર ફરાર

ઊંઝા, તા. ૨૮

ગઈરાત્રે ઊંઝા હાઈવે સર્કલથી વડોદરા તરફ જવા માટે રાજસ્થાનની કારમાં લીફ્ટ લેનાર વ્યક્તિને મહેસાણા બાયપાસ સર્કલ પાસે કારમાં બેઠેલા ચાર અજાણ્યા શખ્સોએ તીષ્ણ હથિયારની અણીએ ધાક ધમકી આપી રોકડ રકમ, મોબાઈલ ફોન મળી કુલ ૧૦,૫૦૦ મત્તાની લૂંટ ચલાવી સદર વ્યક્તિને ધક્કો મારી નીચે ફેંકી દઈ લૂંટારૂઓ કારમાં જ ક્યાંક ફરાર થઈ ગયા હોવાનો ચોંકાવનારો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ છે.

વિગત એવી છે કે વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા ગીરીશભાઈ રામપ્રકાશ પંડિત પોતાની સાસરીમાં સિદ્ધપુર ગયા હતા. દરમિયાન પરત વડોદરા જવા માટે મધરાતના સુમારે સિદ્ધપુરથી કોઈ વાહન ન મળતાં તેમના સગા ઊંઝા મુકી ગયા હતા. રાતના પોણા એક વાગ્યાના સુમારે તેઓને ઊંઝા હાઈવે સર્કલથી રાજસ્થાનની એક સ્વીફ્ટ કાર મળી જતાં તેમાં બેસી ગયા હતા. બાદ ઊંઝાથી મહેસાણા બાયપાસ સર્કલ વચ્ચે કારમાં બેઠેલા ચાર અજાણ્યા શખ્સોએ પેટના ભાગે ચપ્પુ અડાડી હિંદી ભાષામાં જે કંઈ હોય તે આપી દેવા જણાવી સદર વ્યક્તિ પાસેથી પાકિટ તથા બેગમાંથી ત્રણ હજારની રોકડ રકમ પડાવી લીધી હતી. ત્યારબાદ મોબાઈલ ફોન નંગ-૨ તેમજ એટીએમ કાર્ડ લઈ ધાક ધમકીથી પાસવર્ડ મેળવી લઈ ખાતામાંથી ૭૫૦૦ રૂપિયા ઉપાડી લીધા હતા. આમ કુલ ૧૦,૫૦૦ની મત્તાની આબાદ લૂંટ ચલાવી કાર થોભાવી ધક્કો મારીને નીચે ફેંકી દઈ ચારેય લૂંટારૂઓ કારમાં ક્યાંક નાસી છૂટ્યા હતા.

આ બનાવ અંગે લૂંટનો ભોગ બનનાર ગીરીશભાઈ પંડિતે ઊંઝા આવી ફરિયાદ નોંધાવતા ઊંઝા પોલીસે સીફ્ટકાર નં. આર.જે.૧૯. સી.એ. ૩૫૫૯ માં બેઠેલ ચાર અજાણ્યા શખ્સો વિરૂદ્ધ લૂંટનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ચારેય લૂંટારૂઓ ૨૮ થી ૩૫ વર્ષની વયના અને શરીરે જીન્સ પેન્ટ, શર્ટ તથા ટીશર્ટ પહેરેલ હતા.

# હિંમતનગરમાંથી ૧.૪૫ લીખનો દારૂ અને બીયરનો જથ્થો પકડાયો

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના બસસ્ટેન્ડ તથા મહાવીરનગર વિસ્તારમાં એલસીબી તથા સ્થાનિક પોલીસે બાતમીને આધારે રવિવારે અંદાજે રૂ. ૧.૪૫ લાખનો દારૂ અને બીયરનો જથ્થો ઝડપી લીધો હતો. અને ત્રણ જણા વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ એક મકાનમાં દારૂ અને બીયરનો જથ્થો લવાયો છે તેવી રવિવારે બાતમી મળતા એલસીબી સ્ટાફ તથા પીએસઆઈ વી.યુ. ગડુરીયાએ મહાવીરનગર વિસ્તારમાં આવેલ બંસીધર સોસાયટીના મકાન નં. ૨માં રહેતા પલ્લવીબેન ભાવેશકુમાર જયસ્વાલના મકાનની ઝડતી લેતા ઘરમાંથી ગેરકાયદે અને પાસ પરમીટ વિનાની રૂ. ૩૨,૫૦૦ની ૫૪ બોટલ દારૂ તથા રૂ. ૬,૫૦૦ની કિંમતના બીયરના ટીન મળી આવ્યા હતા. જેથી એલસીબીએ આ જથ્થો જપ્ત કરી એક જણા વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. તેજ પ્રમાણે હિંમતનગરના બસસ્ટેન્ડ વિસ્તારમાંથી શંકાસ્પદ રીતે પસાર થઈ રહેલ પીકઅપ ડાલુને ઉભુ રખાવી તેમાં તપાસ કરતા રૂ. ૧,૦૬,૮૦૦ની ૨૬૭ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેથી પોલીસે પીકઅપ ડાલામાં જઈ રહેલ ગુણેશરામ ખેમારામ ચૌધરી અને મોહનલાલ કિશનારામ ચૌધરી (રહે. પીપળીકોઢાણી, તા. સાંચોર, જી. જાલોર, રાજસ્થાન)ની અટકાયત કરી પુછપરછ કરતા તેમની પાસે કોઈ પાસ પરમીટ ન હોવાને કારણે પોલીસે દારૂ તથા પીકઅપ ડાલુ મળી અંદાજે રૂ. ૫.૦૯ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ બંને વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવામાં આવી હતી.

# ગ્રામીણ પોસ્ટ ઓફીસના કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાલ યથાવત

મોડાસા, તા. ૨૮

ભારત અને ગુજરાતના ગ્રામીણ પોસ્ટ ઓફીસના




કર્મચારીઓ (ગ્રામીણ ડાક સેવકો) ૨૨-૫-૨૦૧૮ના રોજથી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા છે. હજુ સુધી તેમની માંગણીઓનો કોઈ ઉકેલ ન આવતા હડતાલ યથાવત રાખવામાં આવી છે. અઠવાડીયાથી કર્મચારીઓ હડતાલ પર છે છતાં કોઈ ઉકેલ હજુ નથી આવ્યો. અરવલ્લી જિલ્લાના ગ્રામીણ પોસ્ટ ઓફિસના કર્મચારીઓ પણ ૭માં પગારપંચ અને પડતર માંગણીઓને લઈને અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા છે. જેમાં અરવલ્લીને સાબરકાંઠા ડીવીજન લાગે છે તેના ૯૭૫ જેટલા કર્મચારીઓ હડતાલમાં જોડાયા છે.

અરવલ્લી જિલ્લાના ગ્રામીણ પોસ્ટ ઓફિસોના કર્મચારીઓ સાતમા પગાર પંચ અને અન્ય ભથ્થાઓનો લાભ, નવી પેન્શન સ્કીમની જગ્યાએ જુની પેન્શન સ્કીમ યથાવત રાખવી, ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવી, પાંચ દિવસનું અઠવાડિયા ફાઈવ ડે વીકનો અમલ કરવો, ખાનગીકરણ તેમજ કોન્ટ્રાક્ટરાઈઝેશન તેમજ આઉટ સોર્સીંગ પ્રથા બંધ કરવી તથા બિનજરૂરી હેરેસમેન્ટ બંધ કરવા સહિત પંદરથી વધુ માંગણીઓ સાથે અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા છે. આ હડતાલને પગલે ગુજરાત સર્કલ ઓફિસર સેક્રેટરી એન.બી. જામ આજે ધનસુરા ખાતે હાજર રહ્યા હતા. સાથે ઓલ ઈન્ડિયા યુનિયન વી.વી. પટેલ, સેક્રેટરી આર.એ. ચડી જોડાયા હતા અને આ સમસ્યાનો સરકાર દ્વારા જલદી ઉકેલ લાવવામાં આવે તેવી માંગણી કરી હતી.

# માલપુરના વાલ્મિકી ફળિયામાં ૪ વર્ષનો બાળક પાણીના હોજમાં ડૂબી જતા મોત

માલપુર, તા. ૨૮

અરવલ્લી જીલ્લાના માલપુર ગામે રવિવારે ગોઝારી ઘટના બનતા શોકની લાગણી છવાઈ હતી. માલપુરના વાલ્મિકી ફળિયામાં ઘરના પટાંગણમાં દડી રમતા બાળકોની દડી ઘરની બાજુમાં બનાવેલા પાણીના ટાંકામાં પડતા દડી લેવા જતા ૪ વર્ષનો બાળક પાણીથી છલોછલ ભરેલ હોજમાં ઘરકાવ થઈ જતા પરિવારજનો અને આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ બાળકને બહાર કાઢી દવાખાને ખસેડાતા તબીબે બાળકને મૃત જાહેર કરતા ભારે ગમગીની છવાઈ હતી. એકનો એક દીકરો ગુમાવતા ભારે આક્રંદ કરી મૂક્યું હતું.

રવિવારે સાંજના ૭ વાગ્યાના સુમારે માલપુર ગામના વાલ્મિકી ફળિયામાં ચેતનભાઈ વાલ્મિકીનો ૪ વર્ષનો ભવ્ય અન્ય બાળકો સાથે ઘરના પટાંગણમાં દડી રમતા હતા દડી રમતા રમતા ઘરની બાજુમાં રહેલા પાણીના



ખુલ્લા ટાંકામાં પડતા ૪ વર્ષનો ભવ્ય દડી લેવા હોજમાં નમતા સંતુલન ગુમાવતા પાણીથી છલોછલ ભરેલા હોજમાં ગરકાવ થઈ જતા બાળકોએ બુમાબુમ કરતા પરિવારજનો અને આજુબાજુથી દોડી આવેલા લોકોએ તાત્કાલિક બાળકને હોજમાંથી બહાર કાઢી દવાખાને ખસેડાતા બાળક હોજમાં રહેલું પાણી પી જતા મોત નીપજ્યું હોવાનું તબીબે જણાવતા પરિવારજનોએ આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. બાળક હોજમાં પડી જવાથી મોત નિપજવાની ઘટનાના પગલે માલપુર ગામમાં ભારે શોકની લાગણી ફેલાઈ હતી. ચેતનભાઈ વાલ્મિકીના પરિવારમાં ૪ વર્ષનો ભવ્ય અને ૧ વર્ષની બાળકીમાંથી ૪ વર્ષના માસુમ ભવ્યનું મોત નિપજતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

## માલપુરના રીછવાડ ગામના બામણી તળાવનું

# વેસ્ટ વિયર(વેવ) સિંચાઈ વિભાગે તોડવાની તજવીજ હાથ ધરાતા હોબાળો



માલપુર, તા. ૨૮

અરવલ્લી જિલ્લાનાં માલપુર તાલુકાના રીંછવાડ ગામે આવેલ વર્ષો જુના બામણી તળાવમાં ૩૦ વર્ષ અગાઉ સિંચાઈ વિભાગ દ્વારા બનાવેલ વેસ્ટ વિયર (વેવ) થોડાક મહિના અગાઉ ગામના અસામાજિક તત્વોએ તોડી નાખતા સિંચાઈ વિભાગ દ્વારા ફરી નિર્માણ કરવામાં આવ્યા બાદ અચાનક સિંચાઈ વિભાગ દ્વારા જ વેસ્ટ વિયર (વેવ) પોલીસ બંદોબસ્ત સાથે તોડી નાખવાની તજવીજ હાથ ધરવામાં આવતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને હોબાળો મચાવ્યો હતો. ગામલોકોએ માલપુર મામલતદારને લેખિત રજુઆત કરી બામણી તળાવમાં જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા તોડી પાડવા હાથ ધરાયેલી કામગીરી અટકાવવા રજુઆત કરી હતી.

રાજ્ય સરકારમાં દ્વારા સમગ્ર રાજ્યમાં સુજલામ સુફલામ જળ સંચય અભિયાન નામે કરોડો રૂપિયાના ખર્ચે ચોમાસા પહેલા પાણીના મૂળભૂત સ્ત્રોતોને ઉંડા ઉતારવા, સફાઈ કરવી, નદીઓને પુનઃજીવિત કરવા સહિતની કામગીરી જનભાગીદારીથી કરવામાં આવી રહી છે. બીજી બાજુ અરવલ્લી જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા ઉલ્ટી ગંગા વહાવવામાં આવતી હોય તેમ માલપુર તાલુકાના રીંછવાડ ગામે આવેલ બામણી તળાવની વેસ્ટ વિયર તોડવાની કામગીરી હાથ ધરવામાં આવતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે. વેસ્ટ વિયર તોડતા બામણી તળાવમાં વરસાદી પાણી વહી જવાનો ભય પેદા થતા રીંછવાડ, માનવાવ અને મોરસા ડુંગરી ગામના ૫૦૦થી વધુ ખેડતો અને પશુપાલકોની સ્થતિ દયનિય બનતા લોકોમાં ભારે રોષ ફેલાયો હતો અને વેસ્ટ વિયરની તોડવાની કામગીરી અટકાવાની માંગ સાથે તોડેલ વેસ્ટ વિયર પણ ફરીથી તાબડતોડ નિર્માણ કરવાની માંગ સાથે માલપુર મામલતદારને લેખિત રજુઆત કરવાની તજવીજ હાથ ધરી હતી.

# હિંમતનગરમાં ક્રિકેટનો સટ્ટો રમતા ત્રણ નબીરા પકડાયા

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ એક સ્કૂલ નજીક રવિવારે આઈપીએલ ક્રિકેટનો સટ્ટો રમતા ત્રણ નબીરાઓને એલસીબીએ ઝડપી લીધા હતા. ત્યારબાદ તેમની પાસેથી રૂ. ૧.૬૬ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ તેમની વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ રવિવારે આઈપીએલ ક્રિકેટની ફાઈનલ મેચ રમાઈ રહી હતી ત્યારે મહાવીરનગર વિસ્તારમાં આવેલ સૂર્યોદય બંગ્લોઝ નજીક આવેલ એક સ્કૂલ પાસે રાત્રીના સુમારે મહેન્દ્રભાઈ જીવાજી પટેલ, મહેન્દ્રભાઈ મૂળજીભાઈ પટેલ તથા ઝહીરૂદ્દીન અલીમુદ્દીન લુહાર મેચનો સટ્ટો રમાડતા હતા. જેથી પોલીસે તેમને સ્થળ પર જઈ પકડી લઈ રૂ. ૨૫ હજારનું એલઈડી ટીવી, રીમોર્ટ, વાઈફાઈ રાઉટર, સેટપબોક્સ, રૂ. ૧૦ હજારનું લેપટોપ તથા રૂ. ૫૦ હજારના બે મોપેડ, રૂ. ૯૨૯૦ રોકડ સહિત અંદાજે રૂ. ૧.૬૬ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ એલસીબીએ ત્રણેય જણા વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જુગારધારા અંતર્ગત ફરીયાદ નોંધાવી હતી.

# અરવલ્લી જીલ્લા વનવિભાગમાં ૪૦થી વધુ રોજમદારોની કાયમી નોકરીની માંગ



મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લામાં વન વિભાગમાં છેલ્લા ૪૦ વર્ષથી ૪૦ થી ૪૫ રોજમદારો કામગરી અને વિવિધ જવાબદારીઓ નિભાવી રહ્યા છે. સોમવારે રોજમદારોએ અનોખી રેલી સ્વરૂપે કાયમી નોકરી આપવાની માંગ સાથે ૧૫ દિવસમાં કાયમી કરવામાં નહિ આવે તો રોજમદારોના રોષનો ભોગ બનવાની ગુજરાત સરકારને ચીમકી ઉચ્ચારી હતી અને કાયમી નોકરી નહિ આપવામાં આવે તો મુખ્યમંત્રી અને વનમંત્રીના આગમનના સ્થળોએ કાળા વાવટા ફરકાવી ઉગ્ર વિરોધ કરવામાં આવેશે હોવાની સાથે "જંગલ મેં જમાદારી કરતે હૈ વફાદારી કે સાથે અબ યુદ્ધ ભી કરેંગે શેરીઓમે આપકે સાથ"ની ગર્ભિત ચીમકી ઉચ્ચારી જીલ્લા વન અધિકારીને આવેદન પત્ર આપી સરકારની નીતિ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને ૧૫ દિવસમાં કાયમીનો ઓર્ડર આપવાની ઉગ્ર માંગ કરી હતી.

# પ્રાંતિજના ગળતેશ્વર ખાતે સંત મિલન સમારોહ યોજાયો

## સાબરકાંઠા- અરવલ્લી જિલ્લામાંથી મોટી સંખ્યામાં સંતો ઉપસ્થિત રહ્યાં




પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના ગળતેશ્વર ખાતે આવેલ શ્રી સુપ્રસિદ્ધ યાત્રાધામ ગળતેશ્વર મહાદેવ મંદિર ખાતે સંત મિલન સમારોહ યોજાયો હતો. જેમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાંથી મોટી સંખ્યામાં સંતો ઉપસ્થિત રહ્યા હતાં.

પ્રાંતિજના ગળતેશ્વર ખાતે પુરૂષોત્તમ માસને લઈને સાબરકાંઠા- અરવલ્લી સંત માર્ગદર્શન મંડળ દ્વારા સંત મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બન્ને જિલ્લાઓમાંથી સંતો-મહંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં તો સંત સંમેલનમાં ઉપસ્થિત સર્વે સંતોનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું અને ધાર્મિક ચર્ચાઓ સહિતની ચર્ચાઓ થઈ હતી. તાજેતરમાંજ પ્રવિણ તોગડીયાની સાથે થયેલ અન્ય સહિતની વિસ્તૃત ચર્ચાઓ યોજાઈ હતી. આ પ્રસંગે અધ્યક્ષ-સંત માર્ગદર્શક મંડળ સાબરકાંઠા અરવલ્લીના ડૉ. સ્વામી ગૌરાંગશરણ દેવાચાર્ય, મહંત સુનિલદાસજી મહારાજ મહામંત્રી-સંત માર્ગદર્શન મંડળ સાબરકાંઠા-અરવલ્લી, મંદિરના ટ્રસ્ટી રાકેશભાઈ જોષી, વી.એચ.પી.ના ભીમગીરી બાપુ, શભુભાઈ રાવલ, નટુભાઈ વગરે સંતો મહંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણસમાજ દ્વારા આયોજિત ક્રિકેટ ટૂનામેન્ટની ફાઈનલમાં રણાસણનો વિજય

પ્રાંતિજ, તા. ૨૮

મહેસાણા જિલ્લાનાં વિજાપુર તાલુકાના માંણેકપુરા ખાતે આવેલ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા સમાજ સંકુલ ખાતે આર.પી.એલ ક્રિકેટ ટુનામેન્ટનું સમાજ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ફાઈનલમાં રણાસણ બ્રધર્સ ઈલેવન ટીમનો વિજય થયો હતો.

શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ તેમજ શ્રી શિવશકિત સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા સમાજ સંકુલ ખાતે આર.પી.એલ. ડે.નાઈટ ક્રિકેટ ટુનામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્રિકેટ ફાઈનલ મેચ પહેલા સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાયો હતો જેમાં સમાજના યુવા ગાયક સંગીત કલાકારોએ પોતાનાં મધુર કંઠથી ઉપસ્થિત લોકોના દિલ જીતી લીધાં હતાં. શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના બાવીસ ગામોમાંથી ૨૭ ટીમોએ આર.પી.એલ. ડે નાઈટ ટુનામેન્ટમાં ભાગ લીધો હતો જેમા ફાયનલમાં રણાસણ રામેશ્વર સામે રણાસણ બ્રધર્સ ટીમ વચ્ચે ફાઈનલ ક્રિકેટ ટુનામેન્ટ યોજાઈ હતી જેમાં રણાસણ રામેશ્વર સામે રણાસણ બ્રધર્સ ટીમનો વિજય થયો હતો. જયારે વિજય થયેલ રણાસણ બ્રધર્સ તથા રનર્સઅપ રામેશ્વર રણાસણની ટીમને વિજાપુર નિવાસી અ.સો. જયોત્સનાબેન રાજેન્દ્ર કુમાર રાવલ દ્વારા વિજેતા ટીમ તથા રનર્સઅપ ટીમને ટોફી આપવામાં આવી હતી. શાહપુર નિવાસી તથા સમાજના માજી મંત્રી પ્રવિણભાઈ રાવલ દ્વારા પણ બન્ને ટીમોના ખેલાડીઓને ટોફી એનાયત કરવામાં આપવામાં આવ્યાં હતાં. આયોજકોને પ્રમાણ પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ વિજાપુરના ધારાસભ્ય રમણભાઈ પટેલ, અખીલ બ્રાહ્મણ સમાજના પ્રમુખ યજ્ઞેશભાઈ, સમાજનાં પ્રમુખ સંજયભાઈ રાવલ, શિવશકિતના ચેરમેન સુરેશભાઈ, વાઈસ ચેરમેન ગુણવંતભાઈ રાવલ, સમાજનાં ઉપપ્રમુખ હસમુખભાઈ રાવલ, ઉપપ્રમુખ કનુભાઈ રાવલ, ઉપપ્રમુખ શશીકાંતભાઈ, શિક્ષણ કન્વીનર નરહરીભાઈ રાવલ સહિત સમાજનાં હોદ્દેદારો શિવશક્તિના હોદ્દેદારો આગેવાનો કારોબારી સભ્યો સહિત ઉપસ્થિત રહ્યાં હતાં. આ ટુનામેન્ટનું સફળ સંચાલન મંત્રી હિતેન્દ્રભાઈ રાવલ, શૈલેષભાઈ રાવલ તથા સહમંત્રી મનીષભાઈ રાવલ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમાજમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સમાજનાં લોકોએ ફાઈનલ ક્રિકેટ ટુનામેન્ટ નિહાળી આનંદ વ્યકત કર્યો હતો અને સમાજ તથા આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મોડાસાની વિશ્વા પટેલને ગુજરાત સ્ટેટ સબ જુનિયર બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ




મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લાનું મુખ્યમથક મોડાસા શહેર સમગ્ર ઉત્તર ગુજરાતમાં શિક્ષણ નગરી તરીકે જાણીતું છે. શિક્ષણની સાથે શહેર અને જીલ્લાના બાળકો રમત-ગમતક્ષેત્રે પણ કાઠું કાઢી રહ્યા છે અને જીલ્લાનું નામ સમગ્ર દેશ અને રાજ્યમાં ગુંજતું કરી રહ્યા છે. હાલમાં સુરતના ઓએનજીસી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે યોજાયેલ પ્રથમ ગુજરાત સ્ટેટ સબ જુનિયર બેડમિન્ટન ચેમ્પિયન-૨૦૧૮ ટુર્નામેન્ટમાં મોડાસાના જાણીતા તબીબ સંજય પટેલની પુત્રી વિશ્વાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કરતા મોડાસા શહેર અને જીલ્લાનું ગૌરવ વધાર્યું હતું.